બે સંતાનની માતાએ પતિ અને સાસરીયાના ત્રાસથી કંટાળી બિલ્ડીંગના સાતમા માળેથી નીચે કૂદી જીવન ટૂંકાવી લીધું હતું

# માંજલપુરમાં આપઘાત કરનાર પરિણીતાના પતિ સહિત સાસરીયા વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો

**પતિ,** સાસુ અને નણંદે આત્મહત્યા કરવા મજબૂર કરી હોય પરિણીતાના ભાઈએ ત્રણેય વિરોધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

માંજલપુર વિસ્તારમાં દસ દિવસ પહેલા બે સંતાનની માતાએ પતિ અને સાસરીયાના ત્રાસથી કંટાળી બિલ્ડીંગના સાતમા માળેથી નીચે કૂદીને આપઘાત કરી લીધો હતો. પરિણીતાના ભાઈએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સહિત સાસુ અને નણંદ વિરુદ્ધ આત્મહત્યા કરવા દોષ્પ્રેરણા આપવાનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં તુલસીધામ ચાર રસ્તા પાસે સ્વામી સહજાનંદ નગર સોસાયટીમાં રહેતા પ્રવીણ મધુકર કદમ સાથે સુરત ખાતે રહેતી મનિષાબેનના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ વર્ષ 2006માં થયા હતા. લગ્ન કર્યા બાદ એક છોકરો ઈશાન તથ દિકરી સને લઈને સાસરીમાં તેનો પતિ તથા તેના સાસુ શકુતલાબેન તથા તેની નણંદ નીલાબેન સંજયભાઈ વસતભાઈ ભોસલે સાથે રહેતી હતી.

પતિ સહિત સાસરિયા હોય મનિષાબેન ને ત્રણ-ચાર વર્ષ સુધી સારી રીતે રાખ્યા બાદ વર્ષ 2009 થી તેમનો પતિ , સાસુ તથા તેની નણંદ ઘરકામ બાબતે તેમજ કોઈને કોઈ બહાનું કાઢીને શારીરીક માનસિક ત્રાસ આપતા હતા અને મારઝુડ પણ કરતા હતા. તેઓ પિયર સુરત ખાતે જતા હતા ત્યારે તેમના ભાઈને તમામ હકીકત જણાવતા હતા કે તેને ઘરમાં ઘણો ત્રાસ આપવામાં આવી રહ્યો છે પરંતુ ઘર સંસાર બગડે નહી માટે પિયરીયા સમજાવીને મોકલતા હતા. મનીષાબેનની નણંદ નીલાબેન સાસરીમાં જતી ન હતી અને મનીષાબેન ના પતિને ચઢાવતી હતી. પતિ તેમની મારઝુડ કરતો હતો અને તેની સાસુ મારી બહે નને ઘરમાંથી કાઢી મુકવા કંકાસ કરતા હતા અને મહેણા ટોણા મારતા હતા. પતિ સહિત સાસરિયાનો ત્રાસ અસહ્ય થઈ જતા કંટાળી ગયેલા મનિષાબેન 10 નવેમ્બરના રોજ બપોરના આશરે બેએક વાગ્યાના સુમારે એમના ઘરથી એક કિલોમીટરના અંતરે આવેલી શ્રીકુંજ હાઈટસના સાતમા માળેથી નીચે નીચે કૂદીને આપઘાત કરી લીધો હતો. જેથી મનિષાબેનના સુરત ખાતે રહેતા ભાઈ ધર્મેશભાઈ સુરેશભાઈએ પ્રવીણભાઈ મધુકર કદમ, શકુંતલા બેન કદમ મન્ને તથા નીલાબેન સંજયભાઈ દ્વારા ગુજારવામાં આવેલા અસહ્ય ત્રાસના કારણે કંટાળીને જ તેમની બહેને આપઘાત કરી લીધો હતો.

પતિ સાસુ અને નણંદ એ જ તેને આત્મહત્યા કરવા મજબૂર કરી હોય નિશાબેન ના ભાઈએ ત્રણેય વિરોધ આપઘાત કરવા દુષ્પ્રેરણા આપી હોવાની ફરિયાદ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

વડોદરા શહેર કોંગ્રેસની પોલીસ ભવન ખાતે રજૂઆત

# શહેરમાં ગુનાઓ વધતાં નાગરિકોને ભયમુક્ત કરવા કોંગ્રેસની માગણી

**સંસ્કારી** નગરીમાં કાયદો વ્યવસ્થા કથળ્યા, દુષ્કર્મ, હત્યા અને ચોરીના ગુનાઓ વધતા નાગરિકોને સુરક્ષા આપી ભયમુકત કરવા શહેર કોંગ્રેસ દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાવાસીઓને સુરક્ષા અને ભયમુક્ત વાતાવરણ આપવા માટે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિની વડોદરા શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે.

વડોદરા શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ વધારે કથળી રહી છે તેવા આક્ષેપ સાથે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વડોદરા શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે. તાજેતરમાં જ શહેરના પૂર્વ કાઉન્સિલરના પુત્રની હત્યા, તેમજ તસ્કરોના ત્રાસ તથા ગુનેગારો બેફામ થયા હોય તેવા કિસ્સા પ્રકાશમાં આવતા ક્યાંક ને ક્યાંક શહેરમાં કાયદા વ્યવસ્થા કથળી હોય તેવા આક્ષેપ સાથે વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વડોદરા શહેર પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. વડોદરા શહેરમાં વધતા ક્રાઈમને અટકાવવા માટે તેમજ વડોદરાવાસીઓને સુરક્ષિત, ભયમુક્ત વાતાવરણ આપવા વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વડોદરા પોલીસ કમિશનરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

# નવાયાર્ડ વિસ્તારમાંથી મોબાઈલમાં એપથી જુગાર રમતા ચારની ધરપકડ

**અમરનગરમાં** ફતેગંજ પોલીસે રેડ કરતા દોડધામ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરના ફતેગંજ વિસ્તારમાં મોબાઈલમાં એપ મારફતે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હતા. જેના પર પોલીસે રેડ કરી હતી. જો કે પોલીસે સ્થળ પરથી ચાર જણાને ઝડપી પાડ્યા હતા. જુગારીઓની અંગજડતી અને મોબાઈલ મળી રૂ.11 હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યાવહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા દારૂ અને જુગાર પર સમયાંતરે રેડ કરવામાં આવતી રહેતી હોય છે. ત્યારે વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં પોલીસની ટીમ પેટ્રોલિંગની કામગીરીમાં હતી. દરમિયાન અમરનગર ત્રણ રસ્તા પાસે પહોંચી હતી ત્યારે બાતમી મળી હતી કે નવાયાર્ડ હજરતચોકમાં ખુલ્લામાં કેટલાક લોકો ભેગા થઈને મોબાઈલમાં એપ મારફતે જુગાર રમી રહ્યા છે. જેના આધારે



પોલીસે બાતમી મુજબની જગ્યા પર રેડ કરી હતી. જોકે પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. સ્થળ પરથી મોબાઈલ ફોનમાં જુગાર રમતા ચાર જણા મહમદ આરીફ સિનેઅલી પઠાણ, ઈમરાનખાન નીસારખાન પઠાણ, ગુલચમન સનાઉલ્લાખાન પઠાણ તથા શાહરૂખખાન ખુશનસીબ ખાન પઠાણ (તમામ રહે.નવાયાર્ડ વડોદરા) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા જુગારીઓની અંગઝડતી કરતા રોકડા રકમ અને મોબાઈલ મળી રૂ. 11 હજારનો મુદ્દામાલ કબજે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શિયાળાની ઋતુમાં વિદ્યાર્થીઓને કોઈ પણ ગરમ કપડાં પહેરવાની છુટછાટ આપવા માંગ

# ગરમ કપડાં કે સ્વેટર પહેરી લાવવા કે ચોક્કસ દુકાનેથી જ ખરીદવા દબાણ કરાતા હોવાનો આક્ષેપ

**ચોક્કસ** જગ્યાએથી ખરીદવા દબાણ કરશે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ધીમે ધીમે હવે શિયાળાની શરૂઆત થઈ ગઈ છે તો બીજી તરફ દિવાળીના વેકેશનની પૂર્ણાહુતિ થતા 135 દિવસના બીજા શૈક્ષણિક સત્રનો પણ પ્રારંભ થયો છે. ત્યારે શિયાળામાં વિદ્યાર્થીઓને કોઈ પણ ગરમ કપડાં પહેરવાની છુટછાટ આપવા અને ચોક્કસ કલર અને ચોક્કસ દુકાનથી ખરીદવા કરવા દબાણ નહીં કરવાની માંગ સાથે વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે.



પ્રતિકાત્મક તસવીર

વિશ્વામિત્રી બચાવો સમિતિના સંજય વાઘેલાએ જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરતા જણાવ્યું છે કે શિયાળાની ઋતુમાં ઠંડી સાથે ઠંડા પવનો પણ ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં અમદાવાદના જીલ્લા શિક્ષણાધિકારીએ વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી જે પણ ગરમ કપડાં પહેરી ને આવે તે માન્ય રાખવામાં આવશે તેવો પરિપત્ર પ્રસિદ્ધ કરેલો છે. અમારી જાણ માં આવ્યું છે કે વડોદરા ની કેટલીક શાળાઓ દ્વારા દબાણપૂર્વક ફરજિયાત પણે આ રંગ કે આ પ્રકારના ગરમ કપડાં કે સ્વેટર પહેરી લાવવા કે અમુક ચોક્કસ દુકાને થી જ ખરીદવા દબાણ કરવામાં આવી રહ્યા છે. પ્રાથમિક શિક્ષણ એ ભારતના બંધારણે આપેલ મુળભુત અધિકાર છે. ત્યારે કોઇ પણ શાળા સંચાલક દ્વારા ચોક્કસ દુકાનેથી અમુક ચોક્કસ રંગ ના જ કપડાં ખરીદવા ફરજ પાડવામાં આવે તે શિક્ષણનો વેપાર કરવા સમાન છે. જેથી વડોદરા શહેરના તમામ વિદ્યાર્થીઓના હિત માં જેમ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા જાહેર કરેલ છે તેવો પરિપત્ર વડોદરા શહેર જિલ્લાની તમામ શાળાઓ માટે પરિપત્ર જાહેર કરવામાં આવે અને જો કોઈ શાળા આ પરિપત્રનો ભંગ કરે તો તેના વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી રજૂઆત છે. આમ છતાય જો કોઈ શાળા ચોક્કસ પ્રકારના અને ચોક્કસ દુકાનેથી ખરીદેલા ગરમ કપડા કે સ્વેટર પહેરી આવવા દબાણ કરશે તો અમારે ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવું પડશેની ચીમકી પણ આપવામાં આવી હતી.

# યુવકને ખેંચ આવતા સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત નિપજ્યું

**યુવકને** ઘરે બીજી વાર ખેંચ આવી હતી પ્રથમ સારવાર કાલોલ ,ગોધરા બાદ વડોદરા એસ.એસ. જી.હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો હતો

**પરિવારમાં** માતા, મોટાભાઇ સાથે રહેતો હતો અને ખેતીકામ સાથે સંકળાયેલ હતો

(પ્રતિનિધિ) વડોદરા તા. 20

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેવપુરા ગામના 24વર્ષીય યુવકને ખેંચ આવતા તેનું શહેરના એસ.એસ.જી.હોસ્પિટલમા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જેથી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના દેવપુરા ગામમાં રહેતા સુરેન્દ્ર પ્રવિણભાઈ પરમાર ખેતીકામ સાથે સંકળાયેલ હતો તેના પરિવારમાં તેની માતા તથા મોટોભાઈ છે. અગાઉ એક વાર તેને ખેંચ આવી હતી અને ત્યારબાદ ગત તારીખ 19 નવેમ્બરના રોજ યુવક પોતાના ઘરે જ હતો તે દરમિયાન સાંજે પાંચ વાગ્યાની આસપાસ ફરી એકવાર તેને ખેંચ આવતા તે બેભાન થઈ ગયો હતો જેથી પરિવાર તથા આસપાસના લોકો પ્રથમ સારવાર માટે કાલોલ સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયા હતા ત્યાથી તેને ગોધરા ખાતે આવેલી GMERS હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની તબિયતમાં સુધારો ન હોય વધુ સારવાર અર્થે ગત તા.20 નવેમ્બરના રોજ સાંજે 3વાગ્યાની આસપાસ વડોદરાના એસ.એસ.જી.હોસ્પિટલમા અર્ધબેભાન અવસ્થામાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં બુધવારે સવારે મેડિસિન બી-યુનિટના એમ -7વોર્ડમા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું જેથી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પરિણીત યુવકને પાંચ વર્ષનો પુત્ર છે

# ખોડિયાર નગર વુડાના આવાસમાં ચોથા માળેથી પટકાયેલા યુવકનું મોત

**રાત્રે** બાથરૂમમાં જતાં બાલ્કનીમા પાણીથી પગ લપસતાં યુવક નીચે પટકાયો હતો અને માથામાં તથા પીઠના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા. 20

શહેરના ખોડિયારનગર વિસ્તારમાં આવેલા વુડાના આવાસમાં ચોથા માળે પરિવાર સાથે રહેતો યુવક ગત મંગળવારે રાત્રે બાથરૂમમાં જતાં નીચે ઢોળાયેલા પાણીથી પર પગ લપસી જતાં બાલ્કનીમાથી નીચે પટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેને એસ એસ જી હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની



કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના ખોડિયારનગર ખાતે આવેલા વાઈટ વુડાના આવાસમાં ચોથા માળે રહેતા આકાશભાઈ લાલાભાઈ ડાભી નામનો 27વર્ષીય યુવક પોતાના પત્ની તથા પાંચ વર્ષના પુત્ર અને પરિવાર સાથે રહેતો હતો અગાઉ તે ઘર સામાન પેકિંગ નું છૂટક કામકાજ કરતો હતો અને છેલ્લા કેટલાક સમયથી સમા વિસ્તારમાં આવેલા આર્મી મેશમા કેન્ટિનમા કામ કરતો હતો.ગત તા. 19નવેમ્બર ને મંગળવારે રાત્રે સાડા અગિયાર ની આસપાસ બાથરૂમ જવા માટે ગયો હતો જ્યાં પાણી ઢોળાયેલું હોય તથા નશામાં પણ યુવક હોય તેનો પગ લપસતાં ચોથા માળની બાલ્કનીથી નીચે પટકાયો હતો.બનાવને પગલે પરિજનો અને લોકો દોડી આવ્યા હતા અને 108એમ્બ્યુલન્સ મારફતે યુવકને એસ.એસ.જી.હોસ્પિટલ લઇ જતાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

સમગ્ર મામલે બાપોદ પોલીસે તપાસ હાથ ધરતાં યુવક નશામાં હોય તથા બાથરૂમ પાસે પાણી ઢોળાયેલું હોય યુવક લપસતાં ચોથા માળેથી નીચે પટકાતાં તેને માથામાં તથા શરીરના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને એમ્બયુલન્સમા લઈ જતાં રસ્તામાં જ તેનું મોત નિપજ્યું હોય પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રવાહી પી લેવાના બે બનાવમાં યુવકનું મોત યુવતી સારવાર હેઠળ

**વાઘોડિયારોડ** ડી માર્ટ નજીક રહેતી યુવતીએ અગમ્ય કારણોસર ફિનાઇલ ગટગટાવ્યું હતું

**ભરૂચ** જિલ્લાના ધમરાડ ગામના યુવકે દવા પી લેતાં સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરના એસ.એસ.જી.હોસ્પિટલમા બે અલગ અલગ બનાવમાં ભરુચ જિલ્લાના એક યુવકે ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું જ્યારે વડોદરા શહેરના વાઘોડિયારોડ ખાતે યુવતીએ ફિનાઈલ પી જતાં સારવાર હેઠળ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે.

વાઘોડિયારોડ ડી માર્ટ સામે આવેલા ભાથુજી નગરમાં રહેતી માનસી અવિનાશ સોલંકી નામની ચોવીસ વર્ષીય યુવતીએ ગત તા.19 નવેમ્બરના રોજ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ફિનાઈલ પી જતાં તેને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે એસ.એસ.જી.હોસ્પિટલમા ખસેડવામાં આવી હતી જ્યાં હાલ તે સારવાર હેઠળ ભાનમાં હોવાનું જાણવા મળ્યું છે સમગ્ર મામલે પાણીગેટ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બીજા એક બનાવમાં ભરુચ જિલ્લાના હાંસોટ તાલુકાના ધમરાડ ગામે રહેતા કમલેશભાઈ ભીખાભાઈ રાઠોડ નામના 28વર્ષીય યુવકે ગત તા.16નવેમ્બરના રોજ સાંજે છ વાગ્યાની આસપાસ કોઈપણ કારણોસર ઝેરી દવા પી જતાં તે યુવકને પ્રથમ સારવાર અર્થે ભરુચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર અર્થે ગત તારીખ 17 નવેમ્બરના રોજ બપોરે પોણા બે ના સુમારે વડોદરાના એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન ગત તા.19નવેમ્બરના રોજ યુવકને મરણ જાહેર કરી મૃતદેહના પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## કારે ટક્કર મારતા ટેમ્પો ડિવાઈડર પર ચઢી ગયો...



■ મંગલેશ્વર ઝાપાથી રૂપમ ટોકીઝ જવાના રસ્તા પર વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. પાછળથી આવતી એક કારે ટેમ્પોના ટક્કર મારતા ટેમ્પો ડિવાઈડર ઉપર ચઢી ગયો હતો. આ દુર્ઘટના ટેમ્પો ચાલક સામાન્ય ઈજા પહોંચી હતી. ઝાયલો કારનો ચાલક સગીરવયનો હોવાનું અને ફોન ઉપર વાત કરતો હોવાનો ઈજાગ્રસ્તે આક્ષેપ કર્યો હતો. **(તસવીર : રણજીત સૂર્વે)**

નવીન 600 વિબી વ્યાસની એચ.એસ ફીડર નલિકા નાખવામાં આવશે

# 25 નવેમ્બરે અડધા શહેરમાં હળવા દબાણથી પાણીનું વિતરણ કરાશે

**મહિસાગર** નદીના ફ્રેન્ચવેલની નલિકાની કામગીરીને પગલે ઉત્તર ઝોનમાં પાણી કાપ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પીવાના પાણીની સમસ્યા અર્થે પાણીની નવીનીકરણ લાઈન નાખી નાગરિકોને પૂરતું પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે અર્થે જાહેરાત કરવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકા પાણી પુરવઠા દ્વારા પાણીની સમસ્યા દૂર કરવા હેતુ પાણી પુરવઠા દ્વારા વડોદરા શહેર ઉતરજોન વહીવટી વોર્ડ નંબર ત્રણમાં સમાવી સમા નોર્થ હરણી વિસ્તાર કુલ ચાર રસ્તા થી નોર્થ હરણી પાણીની ટાંકી સુધી નવીન 600 વિબી વ્યાસની એચ.એસ ફીડર નલિકા નાખવાના કામે આદેશ કરા સર્કલ પાસે પસાર થતી મહીસાગર નદીના ફ્રેન્ચવેલ ની હયાત 1354 વ્યાસની ફીડર નલિકા નું નવીન 600 મીની વ્યાસ એચએસપીડર નલિકા સાથે જોડાણની કામગીરી તારીખ 25/11/2024 ના રોજ હાથ ધરવામાં આવનાર હોય આજવા ટાંકી નોર્થ રનીતા કી નાલંદા ટાંકી ઘાઘરાવાળી ટાંકી એરપોર્ટ બુસ્ટર દરજીપુરા બુસ્ટર વારસિયા બુસ્ટર ખોડીયાર નગર બુસ્ટર બકરાવાડી બુસ્ટર નવી ધરતી બુસ્ટર વિકલ્પો બૃસ્ટર જૂનીગઢી બુસ્ટર સાધના નગર બુસ્ટર સંખેડા દશાલાડ બુસ્ટર કારેલીબાગ ટાંકી પાણીગેટ ટાંકી જેલ રોડ ટાંકી લાલબાગ ટાંકી સયાજીબાગ ટાંકી ના તમામ વિસ્તાર અને સમગ્ર બુસ્ટરમાં તારીખ 25/11/2024 ના રોજ સાંજના ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે નહીં તથા ઉપરોક્ત જણાવેલ સુચિત ટાંકીના તથા બુસ્ટરના કમાન્ડ વિસ્તારમાં તારીખ 26/11/2024 ના રોજ સવારના ઝોનમાં પાણી વિતરણમાં વિલંબ થી હળવા દબાણ અને ઓછા સમયથી પાણી વિતરણ કરવામાં આવશે જેથી ઉપરોક્ત જણાવેલ ટાંક્યો તથા બુસ્ટર ખાતેથી પાણી મેળવવા નાગરિકોએ જરૂરી પાણી સંગ્રહ કરી પાલિકાની કામગીરીમાં સહકાર આપવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત જણાવેલ ટાંકી અને બુસ્ટરમાં તાલુકાની પાણી પુરવઠાની ટીમ દ્વારા વડોદરા શહેરના નાગરિકોને પડતી પાણીની મુશ્કેલીઓ સંદર્ભે પાલિકા દ્વારા નવીનીકરણ પાણીની લાઈન નાખવામાં આવી રહી હોય કામ પૂર્ણ થયા પછી સમગ્ર વિસ્તારને પીવાના પાણીની સમસ્યાથી રાહત મળશે. પાલિકાની સામાન્ય સભામાં વડોદરા વાસીઓને પીવાના પાણીની મુશ્કેલી સંદર્ભે આ નિર્ણય લેવામાં આવ્યો છે જેની જાણ જાહેર જનતાને પાલિકાએ તારીખ મુજબ જાણ કરી છે.

# ગોરવાથી ગેંડા સર્કલ પાસેનો ફૂટપાટ બેસી જતા મોટું ગાબડું

**હવે** ભૂવા નહિ મસ મોટા ગાબડાં અને રોડ બેસી જવાના કિસ્સા વધ્યા


(પ્રતિનિધિ) વડોદરા તા.20

વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરના પાણી ઓસરી ગયા બાદ નાના-મોટા ભૂવાઓ પડવાનો સિલસિલો આજદિન સુધી જારી છે. આજે શહેરના ગોરવા થી ગેંડા સર્કલવિસ્તારનો ફૂટપાથ નો ભાગ બેસી જતા મોટું ગાબડું પડ્યું હોવાનું સામે આવ્યું છે. લોકો અને વાહનોથી સતત વ્યસ્ત રહેતા ગોરવા થી ગેંડા સર્કલ ચાર રસ્તા પાસે આ પ્રકારની ઘટનાને પગલે લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. વડોદરા ઐતિહાસીક પૂરની પરિસ્થિતીમાંથી બહાર આવી રહ્યું છે. પૂરના પાણી ઓસરી ગયા બાદ ઠેર ઠેર રસ્તા પર ભૂવા-ગાબડા પડવાનો સિલસિલો શરૂ થયો હતો. જે આજે પણ યથાવત્ છે. આજે સવારે શહેરના અતિવ્યસ્ત મનાતા ગોરવા થી ગેંડા સર્કલ પાસે ફૂટપાથ નો ભાગ બેસી ગયો હોવાથી મોટું ગાબડું પડ્યું હોવાનું સામે આવ્યું છે. આ ગાબડું મુખ્યમાર્ગની નજીક હોવાથી અહિંયાથી પસાર થતા લોકોમાં ભય પ્રસરી રહ્યો છે. ઘટનાની જાણ થતા જ તાત્કાલીક પાલિકાના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને લોકોની સલામતીને લઈને પગલાં લેવાનું શરૂ કરી દીધું હતું. આ ઘટનાને પગલે વડોદરા પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવતા હલકી ગુણવત્તાના રોડ-રસ્તા અને ફૂટપાથની વધુ એક વખત પોલ ખોલી નાખી છે. હવે આ મોટા ગાબડાની સમસ્યા સત્વરે દૂર કરવા માટે લોક માંગ ઉઠવા પામી છે. અધિકારીઓ એ જણાવેલું કે આની નીચે વર્ષો જૂની ડ્રેનેજ લાઇન છે. આ ડ્રેનેજ લાઈન નિષ્ક્રિય છે ડ્રેનેજ પ્રોજેક્ટ વાળા જોડે ચર્ચા કરી છે કારણ કે આ લાઈન ફંકશન કરતી નથી જેથી આ ખાડાને માત્ર પૂરી દેવાનો છે. જેને દુરસ્ત કરવાની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ખાડામાં માટી નું પુરાણ કરવાનું છે.

રહીશોને ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે

# 1500થી વધુ મકાનને જોડતા રસ્તા પર ડ્રેનેજનું દૂષિત પાણી ફરી વળતા આક્રોશ





**સમતા** સૌરભ પાર્ક પાસે લોકોનો ઉગ્ર સુત્રોચાર કરી ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા મહાનગરપાલિકા ની નબડી કામગીરીથી વધુ એક વખત સ્થાનિક રહીશો હાલાકી વેઠવા મજબૂર થયા છે. શહેરના સમતા વિસ્તારમાં સૌરભ પાર્ક સહિતની આસપાસની સોસાયટીઓના અંદાજિત 1500 મકાનોને જોડતા મુખ્ય રસ્તા પર છેલ્લા છ મહિનાથી ડ્રેનેજની કામગીરી ચાલી રહી છે. જેના કારણે સોસાયટીના મુખ્ય રસ્તા ઉપર ડ્રેનેજના દૂષિત પાણી ફરી વળતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

વડોદરા મહાનગરપાલિકા સ્માર્ટ સિટીનું આયોજન કરી રહી છે. ત્યારે સૌથી વધુ વેરો ચૂકવવામાં અગ્રેસર એવા વડોદરાની પશ્ચિમ વિસ્તારમાં આવેલ સૌરભ પાર્ક અને આજુબાજુની પાંચ જેટલી સોસાયટીના અંદાજિત 1500થી વધુ મકાનને જોડતા મુખ્ય રસ્તા પર ડ્રેનેજની કામગીરી છેલ્લા છ મહિનાથી કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી કોઈપણ નિરાકરણ આવ્યું નથી. ત્યારે, આજે પણ સોસાયટીના મુખ્ય રસ્તા ઉપર ડ્રેનેજના ગંદા પાણી ફરી વડે છે અને સ્થાનિક લોકોને ભારે હાલાકી નો સામનો કરવી પડી રહ્યો છે. ત્યારે સોસાયટીના રહેશો દ્વારા વહીવટી તંત્રનો તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિનો વિરોધ કર્યો હતો. સુભાનપુરા સમતા સૌરભ પાર્ક પંપીંગ સ્ટેશન પાસે એકત્ર થયેલા સ્થાનિક લોકોએ ઉગ્ર સૂત્રોચાર કરી તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો.